**આમોદ શમા ચોકડી પાસે ગમખ્વાર ટ્રિપલ અકસ્માત**

# કાર-બાઈક-ટ્રેકટરની ટક્કર: 50 વર્ષિય મહિલાનું ઘટનાસ્થળે જ મોત

**ટી.આર.બી.ના** જવાનોએ તાત્કાલિક ઇજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડ્યા

(પ્રતિનિધિ) આમોદ,ભરૂચ, તા.17

આમોદની શમા ચોકડી પાસે આજે બપોરના સમયે એક ભીષણ ત્રિપલ અક્ષમાતમાં બાઇક પર સવાર 50 વર્ષીય મહિલાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘવાયા હતા. નોકરી ઉપર હાજર ટી.આર. બી.ના જવાનોએ તાત્કાલિક મદદ કરી ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડ્યા હતા.



વાગરા ગામથી રાકેશભાઈ જયંતિભાઈ પટેલ (ઉ.વ.35) પોતાની માસી રમીલાબેન ગણપતભાઈ પરમાર (ઉ.વ.50) અને ભત્રીજી ધ્રુવિબેન હિતેન્દ્રભાઈ પરમાર (ઉ.વ. 7) સાથે જંબુસર તરફ જઈ રહ્યા હતા. ત્યારે શમા ચોકડીથી થોડે દૂર પાણીની ટાંકી પાસે જંબુસરથી ભરૂચ તરફ જતી અલ્ટો કારના ચાલક હાર્દિક ભિષ્મદેવસિંહ ચૌહાણ (રહે. બ્રાહ્મણ ફળીયુ, અટાલી, તા.વાગરા, જી.ભરૂચ) એ પૂરઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારીને બાઇકને ટક્કર મારી દીધી. આ ઘટનામાં બાઇક ફંગોળાઈ જતાં સામેથી આવતા ટ્રેક્ટર સાથે પણ અકસ્માત થયો હતો.

આ અકસ્માતમાં રમીલાબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે રાકેશભાઈ અને નાનકડી દીકરી ધ્રુવિને ગંભીર રીતે ઘવાયા હતા. સદનસીબે ઘટના સમયે ત્યાં ફરજ ઉપર હાજર TRBના જવાનોએ તરત જ દોડી આવીને ઈજાગ્રસ્તોને આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર પહોંચાડ્યા, જ્યાંથી હાલત વધુ ગંભીર હોવાના કારણે તેમને ભરૂચ રીફર કરવામાં આવ્યા છે.

આમોદ પોલીસે મૃતક મહિલાના પુત્ર હિતેન્દ્રભાઈ ગણપતભાઈ પરમારની ફરિયાદના આધારે કાર ચાલક હાર્દિક ચૌહાણ સામે ગુનો નોંધીને વધુ કાર્યવાહી કરી છે.

## એનડીપીએસ કેસમાં આરોપીની ડિસ્ચાર્જ અરજી નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરાની સ્પેશિયલ એન.ડી. પી.એસ. કેસમાં કોર્ટએ આરોપી ક્રિષ્ણા ગેંદાલાલ સોમાની દ્વારા કરાયેલા ડિસ્ચાર્જ અરજી નામંજૂર કરી છે. કોર્ટએ નોંધ્યું કે આરોપી સામે પ્રાથમિક દ્રષ્ટિએ મજબૂત પુરાવા ઉપલબ્ધ હોવાથી ટ્રાયલ ચલાવવો જરૂરી બને છે. આ કેસમાં એનડીપીએસ એક્ટની કલમ 8(સી), 15, 18, 20 અને 29 હેઠળ ગુનાઓ નોંધાયેલા છે. આરોપીએ પ્રકાશ જ્યોતી પાખંડીયન પિલ્લાઈ સામે ખોટો કેસ કરવાના આક્ષેપોને નકારી કાઢ્યા હતા, પરંતુ સાક્ષીઓના નિવેદન અને CID ક્રાઈમના રિપોર્ટ મુજબ 15 કરોડની ઉઘરાણી માટે 64 કોલ્સ થયાનું બહાર આવ્યું હતું. કોર્ટએ જણાવ્યું કે ગુનાહિત કાવતરાના કેસોમાં સાંયોગિક અને મૌખિક પુરાવા મહત્વના હોય છે. આથી, ચાર્જ ગ્રાઉન્ડલેસ નથી અને આરોપીની ડિસ્ચાર્જ અરજી રદ કરી ટ્રાયલ આગળ વધારવાનો હુકમ કરવામાં આવ્યો છે.

**અરેઠીથી બંટાવાડી, દેવમોગરા અને કનબુડીને જોડતો મુખ્ય રસ્તો બેહાલ**

# આઝાદીના દાયકાઓ બાદ પણ ડેડીયાપાડાના અરેઠીનું આંબા ફળિયું વિકાસથી વંચિત

**રોડ** અને પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓનો અભાવ, 'નલ સે જલ' યોજના કાગળ પર જ

(પ્રતિનિધિ) સાગબારા, તા. 17

ડેડીયાપાડા તાલુકાના અરેઠી ગામના આંબા ફળિયાના ગ્રામજનો આજે પણ પાયાની સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યા છે. આઝાદીના દાયકાઓ વીતી ગયા હોવા છતાં અહીં રોડ, રસ્તા અને પીવાના પાણી જેવી મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ થઈ શકી નથી. અરેઠીથી બંટાવાડી, દેવમોગરા અને કનબુડીને જોડતો મુખ્ય રસ્તો હાલ બેહાલ સ્થિતિમાં છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન રસ્તા પર કિચ્ચડ અને પાણી ભરાઈ જતાં આવાગમન મુશ્કેલ બની જાય



છે. જેના કારણે રોજિંદા કામકાજ, શાળાએ જતા વિદ્યાર્થીઓ અને આરોગ્ય સેવાઓ માટે જતા લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે.

પીવાના પાણીની સમસ્યા પણ અહીંના લોકો માટે ગંભીર બની છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર ઢોર-ઢાંક અને ઘરગથ્થુ ઉપયોગ માટે પૂરતું પાણી ઉપલબ્ધ નથી. સરકારની 'નલ સે જલ' યોજના અંતર્ગત નળ તો મૂકવામાં આવ્યા છે, પરંતુ નિયમિત પાણી પુરવઠો થતો નથી. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે આ યોજના માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ છે.

આ સમસ્યાઓ અંગે ગ્રામજનોએ તલાટી-કમ-મંત્રી, સરપંચ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સુધી અનેકવાર રજૂઆતો કરી હોવા છતાં હજુ સુધી કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. અધિકારીઓ અને જનપ્રતિનિધિઓની ઉદાસીનતાને કારણે સ્થાનિક લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

## બાપોદ NDPS ગુનામાં 5 મહિના ફરાર આરોપી ક્રાઈમ બ્રાન્ચે ઝડપ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસના ગુનામાં છેલ્લા પાંચ મહિનાથી ફરાર રહેલા આરોપી ભરત ગબ્બર સોલંકીને ઝડપી પાડ્યો છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમ શહેરમાં પેટ્રોલિંગ દરમિયાન ન્યુ વીઆઈપી રોડ નટવરનગર નાકા નજીકથી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસમાં ખુલ્યું કે આરોપીએ પોતાના આર્થિક લાભ માટે સગીર પાસે ગાંજો વેચાણ કરાવતો હતો. અગાઉ રેડ દરમિયાન સગીર પાસેથી 61.44 ગ્રામ ગાંજો, રોકડ રકમ અને અન્ય સામાન મળ્યો હતો, જેમાં ભરત સોલંકીનું નામ સામે આવ્યું હતું. આરોપી સામે એનડીપીએસ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયેલ છે. તેની સામે અગાઉ ચોરી, મારામારી સહિતના છ ગુનાઓ નોંધાયેલા છે. હાલ આરોપીને વધુ તપાસ માટે બાપોદ પોલીસને સોંપવામાં આવ્યો છે.

**સહભાગી બનનાર દરેક વ્યક્તિ સામે કડક કાયદેસરની કાર્યવાહી થાય છે**

# બાળલગ્ન વિરોધી અભિયાન "બાળલગ્ન મુક્ત વડોદરા" અંતર્ગત જાગૃતિ અભિયાન

**બાળલગ્ન** પ્રતિબંધક કાયદા મુજબ 18 વર્ષથી ઓછી ઉંમરની છોકરી અને 21 વર્ષથી ઓછી ઉંમરના છોકરાના લગ્ન કરાવવું કાયદેસર ગુનો



(પ્રતિનિધિ) વડોદરા તા.17

આપણે સૌ જાણીએ છીએ તે મુજબ અક્ષય તૃતિયાના દિવસે દેશભરમાં લગ્નોનુ આયોજન થાય છે જેમા ઘણી જગ્યાએ બાળલગ્નો યોજાવાની સંભાવના હોય છે, આવા બાળ લગ્નો યોજાતા અટકે તેના ભાગરૂપ દર વર્ષે જિલ્લા સમાજ સુરક્ષા કચેરી વડોદરા દ્વારા બાળલગ્ન વિરોધી અભિયાન અંતર્ગત "બાળલગ્ન મુક્ત વડોદરા" બનાવવા માટે મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવે છે. આ અભિયાનનો મુખ્ય હેતુ બાળલગ્ન જેવી સામાજિક કુરિતિને સંપૂર્ણ રીતે વડોદરામાંથી નાબૂદ કરવાનો છે.

વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લગ્ન સીઝન દરમિયાન બાળલગ્ન જેવી સામાજિક કુરિતિ જેવી પ્રવૃત્તિઓ પર કડક નજર રાખવામાં આવી રહી છે. જિલ્લામાં બાળલગ્નના બનાવોને રોકવા માટે પ્રશાસન, પોલીસ વિભાગ, બાળ સુરક્ષા એકમ અને વિવિધ સામાજિક સંસ્થાઓ સંયુક્ત રીતે કાર્ય કરી રહ્યા છે. જિલ્લામાં આ જાગૃત સમિતીઓ મારફત ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં બાળ લગ્ન અટકાવવા વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં લોકોને બાળલગ્નના કાનૂની અને સામાજિક નુકસાન વિશે સમજાવવામાં આવે છે. ખાસ કરીને માતા-પિતા અને યુવાનોને શિક્ષણ અને જાગૃતિ દ્વારા પ્રેરિત કરવામાં આવે છે જેથી તેઓ પોતાના બાળકોના ભવિષ્ય માટે યોગ્ય નિર્ણય લઇ શકે.

નોંધનિય છે કે, બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમરની છોકરી અને ૨૧ વર્ષથી ઓછી ઉંમરના છોકરાના લગ્ન કરાવવું કાયદેસર ગુનો છે.

# ગોરવામાં ઢોર પકડવાની કામગીરીમાં અવરોધ ઉભો કરનાર 3 શખ્સ ઝડપાયા

**આરોપીઓએ** પાલિકાની ઢોર પાર્ટી ના કર્મચારીઓની કામગીરીમાં દખલગીરી કરી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરાના ગોરવા વિસ્તારમાં વીએમસીની ઢોર પકડવાની કામગીરી દરમિયાન સરકારી ફરજમાં અવરોધ ઉભો કરનાર ત્રણ પશુપાલકને ગોરવા પોલીસે ઝડપી પાડ્યા છે. આરોપીઓએ ગાયને છોડાવી જાહેર માર્ગ પર ભગાડી લોકો માટે જોખમ ઊભું કર્યું હતું. પોલીસે સીસીટીવી અને હ્યુમન સોર્સિસના આધારે કાર્યવાહી કરી આરોપીઓને કાયદેસર ઝડપી પાડ્યા છે.

ગોરવા વિસ્તારના સેંટ મેરી સ્કૂલ સામે જાહેર રોડ પર ગઈ 14 એપ્રિલના રોજ સવારે આશરે 9.30 વાગ્યે વી.એમ.સી.ની ઢોર પાર્ટી તથા પોલીસ ટીમ પશ્ચિમ ઝોન વિસ્તારમાં ઢોર પકડવાની કામગીરી કરી રહી હતી. આ દરમિયાન એક ગાયને પકડવાની કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે ત્રણ પશુપાલકો ત્યાં આવી પહોંચી ઢોર પાર્ટી અને પોલીસની ફરજમાં દખલગીરી કરવા લાગ્યા હતા. ત્યારબાદ તેઓએ આ ગાયને માર મારી તેને રોડ પર ભગાડી દીધી હતી. જેના કારણે જાહેર સલામતી માટે જોખમ ઉભું થયું હતું. બનાવને પગલે ગોરવા પોલીસ સ્ટેશન ખાતે ઢોર પાર્ટીના સુપરવાઈઝર ફરિયાદ નોંધાવી હતી. ગોરવા પીઆઈ કે.એન. લાઠીયાએ ટીમ બનાવી ત્રણ આરોપીઓની સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સિસના આધારે શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન ત્રણેય આરોપીઓ અજય ઉર્ફે અજલો ધના રબારી (રહે. સમતા, વડોદરા) નરેશ ઉર્ફે નથી મોહન ભરવાડ ( રહે. અકોટા, વડોદરા) અને દિપક ઉર્ફે દિપો નાગજી રબારી (૩ રહે. ગોરવા, વડોદરા)ને ગણતરીના કલાકમાં જ ઝડપી પાડીને તેમના વિરુદ્ધ પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરી છે.

# વખતપુરા પાસે બળાત્કાર બાદ મહિલાની હત્યા કરનાર આરોપીને આજીવન કેદ

**મીની** નદીના કોતરમાં પશુઓ ચરાવવા ગયેલી મહિલાને છુટકું યાદવે આંખ તથા ગળાના ભાગે ચાકુના ઘા મારી ગળુ દબાવી પતાવી દીધી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વર્ષ 2020માં વડોદરાના અનગઢ ગામ પાસે વખતપુરા ખાતે મીની નદીની કોતરમા પશુ ચરાવવા માટે ગયેલી મહિલા આંખમાં તથા ગળાના ભાગે ચાકુના ઘા માર્યા બાદ છુટકુ યાદવ દ્વારા બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ત્યારબાદ ગળું દબાવીને મહિલા હત્યા કરી નાખવામા આવી હતી. આ હત્યાના જઘન્ય કેસમાં સેશન કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપતા આરોપી છુટકુ દિનદયાલ યાદવને કડક સજાનો હુકમ કર્યો છે. કોર્ટે આરોપીને દોષિત ઠરાવી આજીવન કેદની સજા ફટકારી છે.

પ્રાપ્ત વિગતો મુજબ તા.14 મે 2020ના રોજ સવારે 08:30થી 11:00 દરમિયાન વખતપુરા નજીક મીની નદીના કોતરમાં ભેંસો ચરાવવા ગયેલી મહિલાની સાથે આરોપી છુટકુ દિનદયાલ યાદવે બળાત્કાર કર્યો હતો અને બાદમાં ઓળખ છુપાવવા માટે તેની આંખ અને ગળાના ભાગે ચપ્પાના ઘા મારી, ગળું દબાવી તેમજ છાતી ઉપર કૂદકા મારી ગંભીર ઈજાઓ પહોંચાડીને તેમની હત્યા કરી હતી.

આ બનાવ અંગે ફરીયાદ જવાહરનગર પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે આરોપી સામે ભારતીય દંડ સંહિતા કલમ 302, 376(એ) તથા જી.પી. એક્ટ કલમ 135 હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પૂરતા પુરાવા મળતા આરોપીને ઝડપી પાડી તેની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

સેશન કોર્ટમાં સુનાવણી દરમિયાન આરોપીએ ગુનો નકાર્યો હતો છતાં પ્રોસિક્યુશન દ્વારા રજૂ કરાયેલા પુરાવાઓને આધારે કોર્ટે આરોપીને IPC કલમ 376(એ) અને 302 હેઠળ દોષિત ઠરાવ્યો હતો. જો કે, જી.પી. એક્ટ કલમ 135 હેઠળના ગુનામાં તેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો.

જોકે કોર્ટના ચુકાદા મુજબ આરોપીને IPC કલમ 376(એ) હેઠળ 20 વર્ષની સખ્ત કેદ અને રૂ.5,000 દંડ, તેમજ IPC કલમ 302 હેઠળ આજીવન સખત કેદ અને રૂ.5,000 દંડ ફટકારવામાં આવ્યો છે. બંને સજાઓ એકસાથે ભોગવવાની રહેશે. ઉપરાંત, ટ્રાયલ દરમિયાન કસ્ટડીમાં વિતાવેલો સમય "સેટ ઓફ" તરીકે ગણવામાં આવશે.

આ ચુકાદો તા.15 એપ્રિલ 2026ના રોજ વડોદરા સેશન કોર્ટમાં 5મા એડિશનલ સેશન્સ જજ પ્રિયંકા અગ્રવાલ દ્વારા સજાનો હુકમ જાહેર કરવામાં આવ્યો હતો.

**આયુર્વેદિક ચાર રસ્તાથી માંડવી ગેટ સુધી મુસ્લિમ સમાજ દ્વારા સ્વાગત કરાશે**

# અખાત્રીજના દિવસે ભગવાન પરશુરામ જયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વર્ષોની પરંપરા મુજબ આ વર્ષે પણ અખાત્રીજના પાવન દિવસે ભગવાન પરશુરામ જયંતી નિમિત્તે વડોદરા શહેરમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ડભોઈ ધારાસભ્ય શૈલેષ મહેતાના માર્ગદર્શન હેઠળ આગામી તા. 19-04-2026, રવિવારે આ શોભાયાત્રા નીકળશે. યાત્રાને લઈને તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી હોવાનું આયોજકો દ્વારા જણાવાયું છે.



આ અંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં શૈલેષ મહેતાએ જણાવ્યું હતું કે ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર અને બ્રાહ્મણ સમાજના આરાધ્ય દેવ ગણાતા ભગવાન પરશુરામની જન્મજયંતી નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉનાળાની ગરમીને ધ્યાનમાં રાખીને આ વખતે શોભાયાત્રા સાંજે 5 વાગ્યે સૂર્યનગર ગરબા ગ્રાઉન્ડથી પ્રસ્થાન કરીને રાત્રે 9 વાગ્યે અમદાવાદી પોળ સ્થિત પંચમુખી મહાદેવ મંદિર ખાતે પહોંચશે.

શોભાયાત્રા આયુર્વેદિક ચાર રસ્તાથી લઈને મંડાવી ગેટ સુધી પસાર થશે, જ્યાં મુસ્લિમ સમાજ દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવશે, જે સામાજિક સૌહાર્દનું સુંદર ઉદાહરણ માનવામાં આવી રહ્યું છે.

શિવરાત્રીના દિવસે નીકળતી શિવાજી સવારીની જેમ પરશુરામ શોભાયાત્રા પણ શહેરમાં ખૂબ પ્રચલિત બની રહી છે. યાત્રામાં ભવ્ય મૂર્તિઓ, આકર્ષક ઝાંખીઓ અને વિવિધ કલાકૃતિઓ મુખ્ય આકર્ષણ બનશે. ઉપરાંત બ્રહ્મસમાજની બહેનો દ્વારા બાઈક રેલી યોજાશે, જે યાત્રામાં વિશેષ આકર્ષણ ઉભું કરશે.

# ઈંધણ વ્યવસ્થાને મજબૂત બનાવતી પહેલથી LPG પર ગ્રાહકોનો વિશ્વાસ વધ્યો

**પારદર્શિતા**, ટેક્નોલોજી અને કડક દેખરેખથી પુરવઠો વધુ વિશ્વસનીય

(પ્રતિનિધિ) વડોદરા તા.17

ભારત સરકાર દ્વારા રસોઈ માટેની સ્વચ્છ ઈંધણ વ્યવસ્થાને વધુ અસરકારક અને વિશ્વસનીય બનાવવા દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. Ministry of Petroleum and Natural Gas (પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય) દ્વારા ગ્રાહક સુરક્ષા, પારદર્શિતા અને સતત પુરવઠા પર ખાસ ભાર મૂકવામાં આવી રહ્યો છે, જેના પરિણામે દેશભરમાં LPG પ્રત્યે ગ્રાહકોનો વિશ્વાસ નોંધપાત્ર રીતે વધ્યો છે.

મંત્રાલય દ્વારા દેશવ્યાપી સ્તરે LPGના અવિરત પુરવઠાને સુનિશ્ચિત કરવા સાથે સંગ્રહખોરી અને કાળાબજારી જેવી ગેરરીતિઓ અટકાવવા માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ગેસ વિતરણ નેટવર્ક પર ટેક્નોલોજી આધારિત દેખરેખ વધારવામાં આવતા સેવા ગુણવત્તામાં સુધારો થયો છે અને જવાબદારી વધુ મજબૂત બની છે.

આ સાથે, લાંબા ગાળે સ્વચ્છ અને વિશ્વસનીય ઊર્જા ઉપલબ્ધ રહે તે માટે પાઈપ્ડ નેચરલ ગેસ (PNG)ના માળખાનું પણ ઝડપી વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. PNG નેટવર્કના વિસ્તરણથી શહેરી વિસ્તારોમાં ગેસ સુલભતા વધતી જઈ રહી છે અને લોકો માટે સ્વચ્છ ઊર્જા તરફનું પરિવર્તન સરળ બની રહ્યું છે.

ગેસની ઉપલબ્ધતા સામાન્ય બનતા અને વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા વધતા ગ્રાહકોના વલણમાં પણ સકારાત્મક બદલાવ જોવા મળી રહ્યો છે. અગાઉ ગેસ પુરવઠા અંગે રહેલી અનિશ્ચિતતા હવે ઘટી છે અને સેવા પ્રત્યે લોકોનો વિશ્વાસ મજબૂત બન્યો છે. સરકારનો આ સર્વગ્રાહી અભિગમ દેશભરમાં ગ્રાહક-કેન્દ્રિત, પારદર્શક અને ભવિષ્ય માટે તૈયાર સ્વચ્છ ઈંધણ વ્યવસ્થા ઊભી કરવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

**ચૂંટણી પૂર્વે કાયદો-વ્યવસ્થા પર પોલીસનો કડક ફોક્સ**

# વડોદરા રેન્જમાં વ્યાપક ચેકિંગ, અટકાયતી પગલાં અને ગુનેગારો સામે કાર્યવાહી તેજ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા રેન્જના આઈ.જી.પી. Sandeep Singhના અધ્યક્ષ સ્થાને સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૨૬ને ધ્યાનમાં રાખીને રેન્જ કચેરી ખાતે ઉચ્ચ પોલીસ અધિકારીઓની કાયદો અને વ્યવસ્થા અંગે મહત્વપૂર્ણ કોન્ફરન્સ યોજાઈ હતી. બેઠક દરમિયાન ચૂંટણી પૂર્વે હાથ ધરાયેલી કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી અને આગામી દિવસોમાં વધુ સક્રિય પગલાં લેવા પર ભાર મૂકાયો હતો.

સમીક્ષા મુજબ હથિયારના પરવાના ધરાવતા લોકો પાસેથી સુરક્ષા દૃષ્ટિએ કુલ ૫૫ હથિયારો જમા લેવામાં આવ્યા છે. ઉપરાંત નાસતા-ફરતા અને પેરોલ જમ્પ આરોપીઓને ઝડપી પાડવા માટે ખાસ અભિયાન હાથ ધરાયું હતું, જેમાં કુલ ૨૪ આરોપીઓને પકડવામાં આવ્યા હતા. બિનજામીનલાયક વોરંટોની અમલવારી હેઠળ ૧૧ વોરંટનો અમલ કરવામાં આવ્યો હતો.

ચૂંટણી દરમિયાન શાંતિ જળવાઈ રહે તે માટે અટકાયતી પગલાં અંતર્ગત ૯૮૮ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. નશાબંધી કાયદા હેઠળ ભરૂચ, વડોદરા ગ્રામ્ય, નર્મદા અને છોટાઉદેપુર જિલ્લાઓમાં મળી કુલ ૧૨૮૪ ઈસમો વિરુદ્ધ કેસ નોંધાયા છે. આ ઉપરાંત પ્રોહિબિશન હેઠળ ખાસ ડ્રાઈવમાં ૧૭૪૯ બૂટલેગરો પર રેડ કરવામાં આવી અને ૫૦૫૮ કેસ નોંધાયા છે.

રેન્જમાં આંતરજિલ્લા અને આંતરરાજ્ય ચેકપોસ્ટો સ્થાપિત કરી સતત વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં ૨૭,૮૧૧ વાહનોની તપાસ કરવામાં આવી છે, જેમાંથી ૮૦ વાહનો સામે મોટર વાહન અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. દારૂ પીને વાહન ચલાવતા ચાલકો સામે પણ કડક પગલાં લેવામાં આવ્યા છે.

દેશી અને વિદેશી દારૂ મળી કુલ રૂપિયા ૯.૦૬ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સાથે જ હિસ્ટ્રીશીટર ગુનેગારો સામે પણ સખત કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. બેઠકના અંતે આઈ.જી.પી. સંદીપ સિંહે સૂચના આપી કે ચૂંટણી સ્વચ્છ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે કાયદાનો કડક અમલ કરવો જરૂરી છે. સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ નજર રાખવા, અટકાયતી પગલાં વધુ મજબૂત બનાવવા અને ચૂંટણી સંબંધિત ગુનાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવા અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યા હતા. તમામ જિલ્લા પોલીસ અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા.

# ફાસ્ટ ફૂડ અને જંક ફૂડ અંગે જાગૃતિ માટે માર્ગદર્શક વાર્તાલાપ યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.17

ગીતામંદિરના સૌજન્યથી વિદ્યાર્થીઓના આરોગ્યલાભાર્થે "ફાસ્ટ ફૂડ, જંક ફૂડઃ ધીમું અને કાતિલ ઝેર" વિષય પર માર્ગદર્શક વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડૉ. રાજેન્દ્ર કે. હાથીએ વિદ્યાર્થીઓને સરળ અને રમૂજી સૂત્રો દ્વારા ફાસ્ટ ફૂડ અને જંક ફૂડની આડઅસરો અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે લારી-ગલ્લા, હોટલ અને ફેરિયાઓ પાસેથી મળતા અસ્વસ્થ ખોરાકના વધતા ઉપયોગથી શરીર અને મન બંને પર નુકસાનકારક અસર પડે છે. આ કારણે આવા ખોરાકથી દૂર રહેવાની વિદ્યાર્થીઓને ખાસ અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ગીતા માતાના સમક્ષ સંકલ્પ લીધો કે તેઓ હવે આગળથી જીવલેણ અને અસ્વસ્થ જંક ફૂડનું સેવન ટાળશે.

આ પ્રસંગે આચાર્ય જાગૃતિ ઠક્કર, પ્રજ્ઞા પરમાર અને વિનોદ પરમારે કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું. પૂજ્ય ગીતાબેન શર્માએ આશીર્વચન આપીને વિદ્યાર્થીઓને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમ દરમિયાન ડૉ. હાથીએ બ્રેડ, આઇસક્રીમ, નૂડલ્સ, પિઝા, કોલ્ડ ડ્રિંક અને પાણીપુરી જેવા ખાદ્ય પદાર્થોથી થતી હાનિ તેમજ ભ્રામક જાહેરાતોના પ્રભાવથી બચવાની મહત્વપૂર્ણ માહિતી આપી હતી.

# બોજાદરા ગામે ઢાઢર નદીમાં મગર એક વ્યક્તિને ખેંચી ગયો

(પ્રતિનિધિ) ભરૂચ તા.17

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના બોજાદરા ગામમાં ઢાઢર નદીમાં એક દર્દનાક ઘટના બની છે. મગરે એક વ્યક્તિ પર હુમલો કરીને તેને નદીમાં ખેંચી લઈ ગયો હોવાની માહિતી સામે આવી છે.



ઘટનાની વિગતો અનુસાર, વ્યક્તિ નદી કિનારે અથવા નદીમાં કોઈ કામે ગયો હતો, ત્યારે અચાનક મોટા મગરે તેના પર હુમલો કર્યો અને તેને પાણીમાં ખેંચી લઈ ગયો. આ ઘટનાથી સ્થાનિકોમાં ભારે રોષ અને ભયનું વાતાવરણ જોવા મળ્યું છે. હાલમાં વન વિભાગ, પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. ડાઈવર્સ અને બોટની મદદથી વ્યક્તિને શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે. અત્યાર સુધીમાં વ્યક્તિની કોઈ જીવિત અથવા મૃત શરીર મળ્યાની પુષ્ટિ થઈ નથી.

આ ઘટના બાદ બોજાદરા અને આસપાસના ગામોમાં ભારે ખળભળાટ મચ્યો છે. લોકો કહે છે કે ઢાઢર નદીમાં મગરોની સંખ્યા વધી રહી છે અને અગાઉ પણ આવી ઘટનાઓ બની છે. તેઓ વન વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવા અને નદીમાં મગરોને પકડીને અન્ય સ્થળે મોકલવાની માંગ કરી રહ્યા છે.આ ઘટના ઢાઢર નદીના કિનારે વસતા ગામો માટે ચેતવણીની ઘંટડી સમાન છે. ખાસ કરીને ગરમીની સિઝનમાં નદીમાં પાણી ભરવા, માછીમારી કરવા કે પશુઓને પાણી પાવા જતા લોકોને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે.

# ખનગી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ બિલ નહીં ચૂકવીને દર્દી ફરાર થઇ ગયો

**ખોટા** આધારકાર્ડ અને બોગસ મોબાઇલ નંબર લખાવીને દિલ્હીનો યુવક દાખલ થયો હતો

**હોસ્પિટલ** સંચાલકો દ્વારા ગોત્રી પોલીસ સ્ટેશનમાં દર્દી વિરુદ્ધ અરજી અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરના સૈયદ વાસણા રોડ પર આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધેલા 22 વર્ષીય યુવકે અંદાજે રૂ. 2.25 લાખનું બિલ ચૂકવ્યા વગર ફરાર થઈ જતાં છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. દર્દીએ દાખલ સમયે ખોટું આધારકાર્ડ અને બોગસ મોબાઈલ નંબર આપ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

હોસ્પિટલના ડૉક્ટરના જણાવ્યા મુજબ, યુવક ગંભીર એનિમિયાથી પીડાતો હોવાને કારણે તેને તાત્કાલિક દાખલ કરીને લોહી ચડાવવાની સારવાર શરૂ કરવામાં આવી હતી. ઉપરાંત તેને પાઈલ્સ અને સ્વાદુપિંડ સંબંધિત તકલીફો પણ હોવાનું જાણવા મળ્યું હતું. આશરે 9 થી 10 દિવસ સુધી હોસ્પિટલમાં રાખીને તેની સારવાર ચાલી રહી હતી અને પાઈલ્સ માટે સર્જરી કરવાની તૈયારી પણ કરવામાં આવી રહી હતી. દર્દી સાથે તેની પત્ની અને બાળકો પણ હોસ્પિટલમાં હાજર હતા, જેમણે પોતાને દિલ્હીના હોવાનું જણાવ્યું હતું. હોસ્પિટલ દ્વારા તેમના રહેવા અને જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જોકે, સારવાર પૂર્ણ થવાના આરે પરિવાર અચાનક હોસ્પિટલ છોડીને નીકળી ગયો અને દર્દી પણ કોઈને જાણ કર્યા વગર ફરાર થઈ ગયો. પછી હોસ્પિટલ દ્વારા તપાસ કરતાં આધારકાર્ડ અને સરનામું ખોટું હોવાનું સામે આવ્યું, જ્યારે મોબાઈલ નંબર પણ બંધ મળી આવ્યો. આ ઘટનાને લઈને હોસ્પિટલને આર્થિક નુકસાન થયું છે. સંચાલકોએ પોલીસમાં અરજી આપતા પોલીસે તેને સિવિલ મામલો ગણાવ્યો હોવાનું જણાવાયું છે.

# જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીનું સરનામુ બદલાયું

વડોદરા : ગુજરાત સરકારશ્રીના કાયદા વિભાગ હેઠળના ચેરિટી તંત્રની સંયુક્ત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, વડોદરા અને જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, વડોદરાની કચેરી તા.૦૫/૦૪/૨૦૨૬ થી ફાસ્ટટ્રેક કોર્ટ બીલ્ડીંગ, જેલ રોડ, વડોદરાથી નવા બનેલ મકાન "ચેરિટી ભવન", પોલોગ્રાઉન્ડ સામે, વસંતરાવ કપ્તાન માર્ગ, કિર્તી સ્તંભ, વડોદરા ખાતે તબદીલ થઇ છે. જેથી હવેથી પત્રવ્યવહાર તથા કચેરીના કોઈ પણ કામ અર્થે નવુ સરનામું ધ્યાને લેવા ઈ/ચા નાયબ ચેરિટી કમિશનર, વડોદરા પ્રદેશ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

દિલ્હી યુનિવર્સિટી

જાહેરાત ક્રમાંકઃ R&P/316/2026 તારીખઃ 17.03.2026

દિલ્હી યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ, ઇકોનોમિક્સ અને સાયકોલોજી વિભાગોમાં, 7મા સેન્ટ્રલ પે કમિશન પે મેટ્રિક્સના એકેડેમિક પે લેવલ-10માં આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા પર નિમણૂક માટે પાત્ર ઉમેદવારો પાસેથી નિર્ધારિત અરજી પત્રકમાં ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. અરજી મેળવવાની છેલ્લી તારીખ એમ્પ્લોયમેન્ટ ન્યૂઝમાં જાહેરાતના પ્રકાશનની તારીખથી બે અઠવાડિયા સુધીની છે. વિગતો માટે, કૃપા કરીને યુનિવર્સિટીની વેબસાઇટ www.du.ac.inની મુલાકાત લો અને "Work with DU" હેડ હેઠળ "Advertisement - Departments" પર ક્લિક કરો. કોઈપણ વધારાની માહિતી અથવા શુદ્ધિપત્રક માત્ર યુનિવર્સિટીની વેબસાઇટ પર જ મૂકવામાં આવશે.

રજિસ્ટ્રાર

cbc 21231/12/0002/2627